# ૨.૫ નંદીશ્વર દ્વીપ

જે તીર્થમાં  સ્વર્ગલોકના દેવ–દેવીઓ અને ઈન્દ્ર મહારાજા પરમાત્માની ભક્તિ કરવા વારંવાર આવે છે, તીર્થંકર કલ્યાણકોની ઉજવણી દેવભગવંતો અને મેરૂપર્વત ઉપર કર્યા પછી અવશ્ય – આઠ – આઠ દિવસ સુધી (અઠ્ઠાઈ) હર્ષભેર મહોત્સવ  કરે છે. અને દેવ દેવીઓનું ક્રીડા – આનંદનું જે મનોહર – રમણીય સ્થળ છે તથા જે તીર્થનો મહિમાં અતિશય ગવાયો છે, તે છે શ્રી નંદીશ્વર દ્વીપ તીર્થ.

આ તીર્થ અઢી દ્વીપની બહાર છે (પહેલાં જંબુદ્વીપ તેને ફરતો લવણ સમુદ્ર, બીજો ધાતકીખંડ દ્વીપ તેને ફરતો કાલોદધિ સમુદ્ર. ત્રીજો પુષ્કરવર દ્વીપ તેને ફરતો પુષ્કરવર સમુદ્ર, ચોથો વારુણીવર દ્વીપ તેને ફરતો વારુણીવર સમુદ્ર, પાંચમો ક્ષીરદ્વીપ તેને ફરતા ક્ષીર–સમુદ્ર, છઠ્ઠો ઘૃત દ્વીપ તેને ફરતો ઘૃત સમુદ્ર, સાતમો ઈક્ષુ દ્વીપ તેને ફરતો ઈક્ષુ સમુદ્ર અને તેને ફરતો આઠમો નંદીશ્વર દ્વીપ આવેલો છે.)

સાતમા ક્ષીર સમુદ્રની ફરતા વલયાકારે નંદીશ્વર દ્વીપ વિસ્તારમાં બધી બાજુ એક અબજ ત્રેસઠ ક્રોડ ચોર્યાસી લાખ યોજન (૧,૬૩,૮૪ લાખ) ના વિસ્તારવાળો છે. તેમાં સ્થાને સ્થાને પદ્મવર વેદિકાઓ વન, ખંડો નાની, મોટી વાવડીઓ, વાવો, સર્વ ૨૮ નમય રત્નમય પર્વતો, આસનો વગેરે આવેલ છે.

આ દ્વીપની ચારે દિશાના મધ્યભાવમા એક એક અંજનગિરિ નામનો પર્વત આવેલો છે. પૂર્વ દિશામાં દેવરમણ, દક્ષિણ દિશામાં નિત્યોદ્યોત, પશ્ચિમ દિશામાં સ્વયં પ્રભ, ઉત્તર દિશામાં રમણીય નામનો અંજનગિરિ પર્વત છે. આ પર્વતનાં ઉપરનાં મધ્ય ભાગમાં સિદ્ધાયતન (શ્રી જિનભવન) છે. તે ૧૦૦ (સો) યોજન લાંબું, ૫૦ (પચાસ) યોજન પહોળું, ૭૨ યોજન (બોંત્તેર) યોજન ઊંચું અનેક મણિમય સ્તંભોથી યુક્ત સુધર્માસભાના વર્ણનવાળું છે. મંદિરનાં મધ્યભાગમાં ૧૬ યોજન લાંબી પહોળી ૮ યોજન ઊંચી મણિ પીઠિકા છે. તેનાં ઉપર રત્નમય – દેવ છંદક ગભારો છે તેની ચારે દિશામાં ઉત્સેધ આંગળનાં ૫૦૦ ધનુષ પ્રમાણવાળી, પર્યંકાસને (પદ્માસને) બિરાજમાન ૨૭–૨૭ જિન મૂર્તિઓ છે ચારે દિશામાં થઈ ૧૦૮ જિન મૂર્તિઓ છે. દરેક જિનમૂર્તિની આગળ બે –બે યક્ષ નાગ–ભૂત અને કુંડધારી દેવની પ્રતિમા અને બે બાજુ ચામર ધારી અને પાછળનાં ભાગમાં એક છત્ર ધારી દેવની પ્રતિમા વગેરે હોય છે.

તે ઉપરાંત શ્રી જિનભવનનાં દ્વારની આગળ એક એક મુખ મંડપ છે. દરેક મુખમંડપની આગળ અતિશય સુંદર અને રમણીય પ્રેક્ષા મંડપો છે. આ પ્રેક્ષામંડપની આગળ મણી પીઠિકા છે. તેનાં ઉપર સફેદ રંગનો સુંદર ચૈત્ય સ્તૂપ છે. સ્તૂપની ચારે દિશામાં એક–એક મણિ પીઠિકા છે તેના ઉપર ઉત્સેધ આંગળનાં ૫૦૦ ધનુષ્યનાં પ્રમાણવાળી પર્યંકાસને બેઠેલી રત્નમય સ્તૂપ તરફ મુખવાળી પૂર્વ દિશામાં શ્રી ઋષભદેવ દક્ષિણમાં શ્રી વર્ધમાન, પશ્ચિમ દિશામાં શ્રી ચંદ્રાનન, ઉત્તર દિશામાં શ્રી વારિષેણ, નામની જિનમૂર્તિ રહેલી છે. જિનભવનમાં ૧૦૮ પ્રતિમા અને ચારે દિશાનાં ૪ સ્તૂપની ચારે બાજુની ૪–૪ મળી ૧૬ કુલ ૧૦૮+૧૬=૧૨૪ શ્રી જિન મૂર્તિઓ છે.

સૌધર્મેન્દ્ર પૂર્વ દિશામાં અંજન ગિરિ ઉપર ઉત્સવ કરે છે. ચમરેન્દ્ર દક્ષિણ દિશાનાં અંજનગિરિ પર, બલિન્દ્ર પશ્ચિમ દિશાનાં અંજનગિરિઉપર અને ઈશાનેન્દ્ર ઉત્તર દિશાનાં અંજનગિરિ ઉપર ઉત્સવ કરે છે.